તા. ૦૨.૦૫.૨૦૨૪

ગાંધીનગર સંદેશ પાના નં. ૦૨

# મેટ્રો ટ્રાયલ રનમાં ટ્રેન ચ-૨ સર્કલ સુધી પહોંચી



મેટ્રો ફેઝ-૨ માં મોટેરાથી મહાત્મા મંદિર મેટ્રો રેલ દોડાવવામાં આવશે. ત્યારે ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના પ્રોજેક્ટમાં ટ્રાયલ રન ફેબ્રુઆરી મહિનાથી જ શરૂ કરી દેવામાં આવ્યો છે. ત્યારે પહેલી મેના રોજ સેક્ટર-૧ સુધી મેટ્રો રેલનો ટ્રાયલ રન કરવામાં આવ્યો હતો. જેને પગલે સ્થાનિકો મેટ્રો રેલ જોઈને હરખાયા હતા. ઉલ્લેખનિય છે કે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા અમદાવાદથી ગાંધીનગર વચ્ચે મેટ્રોની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જેમાં મેટ્રોરૂટની કુલ ૨૮ કિલોમીટરની લંબાઈની મેટ્રો લાઈન પાથરવાની કામગીરી ચાલી રહી છે. જેમાં ૨૨ જેટલા સ્ટેશનો તૈયાચ્ર કરવામાં આવી રહ્યાં છે. જે પૈકી એક સ્ટેશન ચ-૨ સર્કલ ખાતે તૈયાર કરાયું છે. જ્યાં ટ્રાયલ રન કરાયો હતો.